| PUBLICATION NAME : | Sandesh (City Life) |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/09/2022 |
| PAGE: | 01 |

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. જે એમ વ્યાસે કહ્યું,

# વ્યવસાય હોય કે જીવન પરિણામની પ્રક્રિયામાં શિસ્ત સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે

EDIIના વી જી પટેલ મેમોરિયલ લેક્ચરની ચોથી સિરીઝમાં 'ઉદ્યોગસાહસિકો માટે સફળતા કેવી રીતે નિર્ધારિત' કરવી તે વિષય પર ટૉક યોજાઇ



સિટી લાઇફ । આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા વાર્ષિક ડો. વી જી પટેલ મેમોરિયલ લેક્ચરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. જે એમ વ્યાસે લેક્ચર આપ્યું હતું. આ સિરીઝમાં ચોથું લેક્ચર કેમ્પસમાં યોજાયું હતું, જે 'ઉદ્યોગસાહસિકો માટે સફળતા કેવી રીતે નિર્ધારિત કરવી' એ વિષય પર હતું. લેક્ચરમાં ઉપસ્થિત શ્રોતાઓનો સંબોધન કરતાં ડો. જે એમ વ્યાસે કહ્યું હતું કે, વ્યવસાય હોય કે જીવન હોય, દરેક સ્થિત અને પરિણામની પ્રક્રિયામાં શિસ્ત સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. ખુશી અને સફળતા માનસિક સ્થિતિ છે તથા ગમે તેવા સ્થિતિસંજોગોમાં જો મન ઉદ્દેશને અનુરૂપ સમજણ અને વ્યવહારિકતા સાથે કામ કરવાનું શીખે, તો એનાથી સંઘર્ષ અને નિષ્ફળતાના સ્થિતિ સંજોગોમાં તે મન એ રીતે કામ કરશે કે વ્યક્તિની માનસિક સ્થિરતા કે ખુશીને કોઈ અસર નહીં થાય. આપણે એક વ્યક્તિ કે ઉદ્યોગસાહસિક તરીકે નિર્ધારિત કરેલા લક્ષ્યાંકો અને પસંદ કરેલા વિકલ્પોનું મૂલ્યાંકન કરવું પડશે તથા આપણે આપણી ૧૦૦ ટકા ક્ષમતા સાથે કામ કરવું પડશે. આપણા પ્રયાસોના પરિણામો ગમે એ મળે, એક લાગણીશીલ પરિપક્વતા અને તર્કબદ્ધ મનને હંમેશાં એની કોઈ અસર નહીં થાય.

## સમાજના દિગ્ગજો ઉદ્યોગ સાહસિકતાની આકાંક્ષાઓને પાંખો આપી શકે છે

ડો. સુનીલ શુક્લાએ ઉદ્યોગસાહસિકતાના મહત્ત્વ પર ભાર મૂકતા કહ્યું કે, ઉદ્યોગસાહસિકો દેશનું ભવિષ્ય છે. તેઓ ઝેનનેક્સ્ટ માટે નવીન વિચારસરણી, દઢતા અને ખંતના પથપ્રદર્શકો છે. એટલે તેમના ઉદ્યોગસાહસિક જુસ્સા અને ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવાની જવાબદારી આપણા ખભાઓ પર છે. સંસ્થા અને સમાજના દિગ્ગજો ઉદ્યોગસાહસિકતાની આકાંક્ષાઓને પાંખો આપી શકે છે. તેમના માટે કેડી કંડારીને આપણા મહત્ત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોએ ઉદ્યોગસાહસિકતાના પાયાના નિયમો શીખવા જોઈએ, જેથી તેઓ અવરોધોને સરળતાપૂર્વક પાર પાડી શકે.